### પીપેરો ગામે ધારાસભ્ય બચુભાઈના વૈભવી બંગલાને પાણીના ફુવારાથી ધોઈને સાફ કરવા માટે ફાયર ફાઈટર મોકલવાનુ પ્રકરણ

# દે.બારીઆ પાલિકાના ચીફ ઓફિસર સામે કોંગ્રેસનો આક્રોશ : કાનૂની કાર્યવાહીઓ હાથ ધરો નહીતર વિરોધનો સામનો કરવા તૈયાર રહો

(પ્રતિનિધી) દાહોદ, તા.7 દેવગઢ બારીઆના ભાજપના ધારાસભ્ય બચુભાઈ ખાબડ દ્વારા પાલિકાના ફાયર ફાઈટરનો પોતાના અંગત સ્વાર્થ માટે દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનો ગંભીર વિવાદ સામે આવ્યો છે. ધારાસભ્યએ દે.બારીઆ પાલિકા પ્રમુખ ધર્મેશ કલાલને ફોન કરી, કોઈ પણ સ્પષ્ટ કારણ દર્શાવ્યા વિના ફાયર ફાઈટરને પોતાના વતન પીપેરો ખાતે બોલાવ્યું હતું. ત્યારબાદ આ ફાયર ફાઈટરના પાણીના ફુવારા વડે પોતાના વૈભવી આવાસને ધોઈને સ્વચ્છ કરાવવામાં આવ્યું હતું. સરકારી



#### ‘ફેક કોલ’ અને દંડની પહોંચ જ ધારાસભ્ય માટે ગળાનો ફંદો બનશે?

વિવાદ શમાવવા માટે નગરપાલિકા દ્વારા ધારાસભ્યના પુત્ર બળવંત ખાબડ પાસેથી ફાડવામાં આવેલી ૨૭૦૦ રૂપિયાની પહોંચ જ હવે આ “ફેક ફાયર કોલ” પ્રકરણમાં મજબૂત દસ્તાવેજી પુરાવો બની ગઈ છે. આ પહોંચથી એ પુરવાર થાય છે કે ફાયર ફાઈટર ખરેખર પીપેરો ગયું હતું અને તેનો ઉપયોગ બિન-ઈમરજન્સી કામ માટે થયો હતો. આ મામલે પાલિકા પ્રમુખ કદાચ છટકી જાય, પણ ધારાસભ્ય અને તેમના પુત્ર માટે કાયદાકીય મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. જો ચીફ ઓફિસર દ્વારા આવા જાહેર તમાશા સામે દાખલારૂપ કાયદેસર કાર્યવાહી નહીં કરાય, તો આવતીકાલે સામાન્ય નાગરિકો પણ દંડ ભરવાની તૈયારી બતાવીને પોતાના ઘરો ધોવા માટે ફાયર ફાઈટર બોલાવવાની નવી પરંપરા શરૂ કરશે!

મિલકત અને ફાયર બ્રિગેડ જેવી કટોકટીની સેવાઓનો આ પ્રકારે ખાનગી કામ માટે ઉપયોગ થતાં સમગ્ર પંથકમાં ભારે વિરોધનો વંતોળ ઊઠ્યો છે.આ ઘટના સામે આવતા જ દે.બારીઆ કોંગ્રેસના અગ્રણી કાર્યકરોએ નગરપાલિકાના ચીફ ઓફિસર વૈશાલીબેન નિનામા સમક્ષ વિરોધ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસના નેતાઓએ ચીમકી આપી છે કે, અંગત ઘરની સફાઈ માટે ફાયર ફાઈટર મંગાવનારા ધારાસભ્ય બચુભાઈ ખાબડ અને આદેશ આપનારા પાલિકા પ્રમુખ ધર્મેશ કલાલ સામે જો સત્વરે કાયદેસરની કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ ચીમકીના કારણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. વિવાદને શાંત કરવાના પ્રયાસરૂપે ધારાસભ્યના પુત્ર બળવંત ખાબડના નામે ૨૭૦૦ રૂપિયાની દંડ ભરપાઈની પાવતી ફાડવામાં આવી છે. ફાયર વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, પાલિકાની સામાન્ય સભાના ઠરાવ મુજબ પ્રતિ કિલોમીટર ૪૫ રૂપિયા લેખે ૩૦ કિ.મી.ના ૨૭૦૦ રૂપિયા સર્વિસ ચાર્જ વસૂલવામાં આવ્યા છે. જોકે, ભૂતકાળના ઠરાવ મુજબ આ ચાર્જ માત્ર બહારના ગામોમાં ‘આગ કાબૂમાં લેવા’ જવા માટેનો હતો, ઘરની સફાઈ માટે નહીં. આથી આ દંડની રકમ કાયદાકીય જોગવાઈ કરતાં વિવાદ પર પડદો પાડવાનો રાજકીય પ્રયાસ વધુ લાગી રહ્યો છે.

## પાવાગઢ ખાતે આસો નવરાત્રી દરમિયાન લાઉડસ્પીકર અને ઘોંઘાટ પર પ્રતિબંધ



(પ્રતિનિધી) પાવાગઢ,, તા.7 યાત્રાધામ પાવાગઢ ખાતે આગામી તા. ૧૧ ઓક્ટોબર થી તા. ૨૫ ઓક્ટોબર સુધી આસો નવરાત્રીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. યાત્રાળુઓની સુરક્ષા, શાંતિ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે અન્વયે ૧૦ ઓક્ટોબર રાત્રિના ૨૦:૦૦ કલાકથી તા.૨૫ ઓક્ટોબરના સૂર્યોદય સુધી જાહેર રસ્તાઓ કે સાર્વજનિક જગ્યાઓ પર વાજિંત્રો, લાઉડસ્પીકર કે ઘોંઘાટ કરતા સાધનો વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ડી.જે. કે સાઉન્ડ સિસ્ટમના કારણે થતા ધ્વનિ પ્રદૂષણને અટકાવવા અને ભીડને કારણે થતી અકસ્માતની શક્યતાઓને નિવારવા આ પગલું લેવાયું છે. જાહેર શાંતિ જોખમાય તે રીતે બૂમો પાડવી, ગીતો ગાવા કે પાડોશીઓ અને અન્ય યાત્રાળુઓને અગવડ પડે તેવી પ્રવૃત્તિઓ કરવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી વગર લાઉડસ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહીં.

### વિવિધ લાભોની લાલચ આપી રૂપિયા પાંચ લાખ ગુમાવ્યા

# ફતેપુરાના લીમડીયા ગામના ૬૧ વર્ષીય સિનિયર સિટીઝન સાથે ઠગાઈ

(પ્રતિનિધી) દાહોદ, તા.7 ફતેપુરા તાલુકાના લીમડીયા ગામના ૬૧ વર્ષીય સિનિયર સિટીઝનને એક્સ સર્વિસ ગવર્મેન્ટ એપ.એપીકે નામની એક ફાઈલ ડાઉનલોડ કરાવી સિનિયર સિટીઝન કાર્ડમાં વિવિધ લાભો આપવાની લાલચ આપી એસબીઆઈ બેંકના તેના ખાતામાંથી રૂપિયા પાંચ લાખ કઢાવી_ લઈ સિનિયર સિટીઝન કાર્ડ નહીં આપી સિનિયર સિટીઝન સાથે છેતરપિંડી અને ઠગાઈ કર્યાનું સામે આવ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર રકુંજદે નંબર ૭૮૮૯૨૦૩૦૭૦ વાળી વ્યક્તિએ તારીખ ૧૩-૯-૨૦૨૬ થી ૧૯-૯-૨૦૨૦ સુધીમાં ફતેપુરા તાલુકાના લીમડીયા કામના માલ ફળિયામાં રહેતા ૯૧ વર્ષીય સબુરભાઈ રામજીભાઈ માલ નામના સિનિયર સિટીઝનન ઈટ જીટ્રિવષ્ઠી ખંહું હૈંટ્ટ નામની એક ફાઈલ ડાઉનલોડ કરાવી મૂડી રોકાણમાં વધારે વ્યાજ દર, હોસ્પિટલ ની સારવારમાં ૫૦% રાહત, હવાઈ મુસાફરી મફત, બસ ભાડામાં ૫૦% રાહત જેવી વસ્તુઓ મળતી હોય તેવું સિનિયર સિટીઝન કાર્ડ કાઢી આપવાની લાલચ આપી હતી અને ૭૮૮૯ ૨૦૩૦૭૦, ૮૪૫૩૦૨૬૩૮૫ તથા ૯ ૨ ૮ ૨ ૫ ૮ ૨ ૫ ૧ ૪ whatsap નંબરવાળા વ્યક્તિઓએ સબુભાઈ રામજીભાઈ માલના તેમના ખાતામાંથી રૂપિયા ૫,૦૦,૦૯૨/- જેટલી માતબ રકમ કઢાવી પડાવી લીધી હતી ત્યાર બાદ સમય વિત્યા સિનિયર સિટીઝન કાર્ડ ના આવતા તેઓએ ફોન પર સંપર્ક કરવાની કોશિશ કરી હતી. પરંતુ ફોન પર કોઈ જવાબ ન મળતા તેઓને પોતાની સાથે છેતરપિંડી, ઠગાઈ થઈ હોવાનું જણાઈ આવતા તેઓએ આ સંબંધ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દાહોદ ખાતે ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ ની કલમ ૩૧૭(૨), ૩૧૮(૪), ૩૧૯૨), ૬૧(૨) તથા આઈ.ટી એક્ટ કલમ ૬૬ (સી), મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### વાહનચાલક સામે કાલોલ પોલીસ મથકે ગુનો નોંધાયો

# મઘાસર ચોકડી પાસે બાઈકે વૃદ્ધને અડફેટે લેતા સારવાર હેઠળ ખસેડાયા

(પ્રતિનિધી) કાલોલ, તા.7 મઘાસર ચોકડી સ્થિત પંચ હોટલ પાસે દૂધ લઈને રસ્તો ક્રોસ કરી રહેલા વૃદ્ધને પૂરઝડપે આવી રહેલી મોટરસાયકલે અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં વૃદ્ધને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, તા. ૦૧/૧૦/૨૦૨૬ના રોજ સવારે આશરે ૦૭:૦૦ વાગ્યાના સુમારે ધનાભાઈ ડાહ્યાભાઈ પરમાર મઘાસર ચોકડી પાસે પંચ હોટલ નજીકની એક દુકાનેથી દૂધ લઈને હાઈવે રોડ ઓળંગી રહ્યા હતા. તે દરમિયાન એક મોટરસાયકલ નંબરઃ GJ-17-CB-4378 ના ચાલકે પોતાના કબ્જાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવીને ધનાભાઈને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કર વાગતા જ ધનાભાઈ રોડ પર પછડાતા બેભાન થઈ ગયા હતા. તેમને માથામાં કપાળના ભાગે, જમણા પગના થાપામાં તેમજ શરીરે અન્ય ભાગોમાં ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ સ્થાનિકો અને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી તેમને પહેલા કાલોલ અને ત્યારબાદ વધુ સારવાર માટે હાલોલની સર્જિકલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કાલોલ પોલીસ સ્ટેશનમાં આવી મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.કાલોલ પોલીસે સમગ્ર મામાલે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

### ‘ડોર-ટુ-સ્ટેપ ડિલિવરી’ના નામે મોટી ગેરરિતી આચરાયાની આશંકા

# લીમખેડામાં સસ્તા અનાજ વિતરણમાં મોટું કૌભાંડ ઝડપાયું

(પ્રતિનિધી) દાહોદ, તા.20 દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામે આવેલી સરકારી સસ્તા અનાજની દુકાને સરકારી અનાજનો જથ્થો ખાલી થઈ રહ્યો હતો ત્યારે મીડિયા દ્વારા અચાનક સરપ્રાઈઝ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન સરકારી અનાજના વિતરણમાં ચાલતી ગંભીર ગેરરીતિ અને કૌભાંડનો પર્દાફાશ થયો છે. મીડિયાની તપાસમાં ડિલિવરી ચલણ અને ગેટ પાસમાં ચણાની ૬૨૪ બેગ દર્શાવવામાં આવી હતી, પરંતુ સ્થળ પર માત્ર ૫૫૦ બેગ જ મળી આવી હતી. આમ, સીધેસીધી ૧૦૦ કિલો ચણાની ઘટ સામે આવી હતી.



આ ઉપરાંત ગાડીમાં રહેલી બાજરી માટેનો કોઈ ગેટ પાસ પણ ઉપલબ્ધ નહોતો. એટલું જ નહીં, ૩ તારીખનું ચલણ હોવા છતાં ૪ તારીખે વહેલી સવારે ૬:૦૦ વાગે માલ ઉતારવામાં આવી રહ્યો હોવાનું ખુલતાં ભારે ચકચાર મચી ગઈ છે. આ ગંભીર ગડબડ સામે આવતાં જ પુરવઠા વિભાગ સહિત DSO કચેરી સુધી દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ લીમખેડાના પુરવઠા નાયબ મામલતદાર એન. આર. પલાસ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. જોકે, તપાસ દરમિયાન દુકાનદાર અને ગાડીના ચાલકે “ભૂલથી માલ ઓછો આવ્યો હશે” તેવો છટકાઉ જવાબ આપીને બચાવ કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

### શહેરાના ચોપડા ખુર્દમાં સસ્તા અનાજના દુકાનદારની કાળાબજારીનો પર્દાફાશ

# ૫૮ કિલો ઘઉં અને ૨૯ કિલો ચોખાની જંગી ઘટ પકડાતા લાયસન્સ રદ્દ કરવા માંગ

(પ્રતિનિધી) ગોધરા, તા.7 શહેરા તાલુકાના ચોપડા ખુર્દ ગામે આવેલી સસ્તા અનાજની દુકાનમાં ગરીબ લાભાર્થીઓના અનાજમાં મોટા પાયે ગેરરીતિ આચરવામાં આવતી હોવાની ચોંકાવનારી વિગતો સત્તાવાર તપાસમાં સામે આવી છે. સંચાલક એસ. પી. પટેલ વિરુદ્ધ ઉઠેલી ફરિયાદો બાદ શહેરા મામલતદાર અને નાયબ મામલતદાર (પુરવઠા) દ્વારા તાજેતરમાં દુકાન પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં દુકાનદારની કાળાબજારીના સત્તાવાર અને આંકડાકીય પુરાવાઓ હાથ લાગ્યા છે. દુકાનમાં રહેલા ભૌતિક જથ્થાની ખરાઈ કરતા ઘઉંમાં ૧ કિલો, ચોખામાં ૧.૫૦૦ કિલો, મોરસ (ખાંડ)



માં ૦.૩૫૦ કિલો અને મકાઈમાં ૦.૫૦૦ કિલોની સ્પષ્ટ ઘટ જોવા મળી છે. તપાસ દરમિયાન કુલ ૪૯ કાર્ડધારકોના રેશનકાર્ડ ચેક કરવામાં આવ્યા હતા. તે પૈકી ૧૬ જેટલા ગ્રાહકોના રૂબરૂ જવાબો નોંધવામાં આવતા એક મોટો ભ્રષ્ટાચાર સપાટી પર આવ્યો છે. આ ૧૬ ગ્રાહકોના લેખિત નિવેદનો દર્શાવે છે કે દુકાનદાર દ્વારા તેમને ૫૮ કિલો ઘઉં, ૨૯ કિલો ચોખા, ૫૦ કિલો બાજરી, ૩.૫૦૦ કિલો મોરસ, ૧ કિલો તુવેરદાળ અને ૩ કિલો મકાઈનો જથ્થો ઓછો આપવામાં આવ્યો છે. મામલતદાર સમક્ષ એવી પણ રજૂઆત કરી છે કે સંચાલક દ્વારા અનાજ વિતરણની કુપન કે પાવતી આપવામાં આવતી નથી અને સરકાર દ્વારા નક્કી કરાયેલા ભાવ કરતાં વધુ રકમ વસૂલવામાં આવે છે.

# જન્મ-મરણની પેન્ડિંગ અરજીઓનો નિકાલ નહીં, અરજદારોમાં રોષ

(પ્રતિનિધી) ઝાલોદ, તા.7 દાહોદ જિલ્લામાં મામલતદાર કચેરીઓમાં જન્મ-મરણ નોંધણીની જૂની પેન્ડિંગ અરજીઓનો નિકાલ નહીં થતો હોવાના આક્ષેપ સાથે અરજદારોમાં રોષ ફેલાયો છે. અરજદારોના જણાવ્યા મુજબ, કેટલાક કિસ્સામાં કચેરીમાંથી જૂની અરજી દફતરે કરી નવી અરજી કોર્ટમાં કરવાની રહેશે તેમ જણાવવામાં આવતું હોવાની ચર્ચા છે. અરજદારોનો આક્ષેપ છે કે જન્મ-મરણની અરજી પ્રક્રિયા માટે અગાઉ રૂ.500થી રૂ.1,000 સુધીનો ખર્ચ કર્યા બાદ પણ અરજીઓનો નિકાલ થયો નથી. હવે નવી અરજી કોર્ટમાં કરવા માટે વકીલની મદદ લેવી પડે અને વધારાની ફી ચૂકવવી પડે તેમ હોવાથી આર્થિક રીતે નબળા અરજદારો મુશ્કેલીમાં મુકાયા છે. જન્મ-મરણ નોંધણીના કાયદામાં થયેલા સુધારા બાદ જૂની પેન્ડિંગ અરજીઓના નિકાલને લઈને અરજદારોને વારંવાર મામલતદાર કચેરીના ધક્કા ખાવા પડી રહ્યા હોવાનો આક્ષેપ છે. અવારનવાર રજૂઆતો છતાં સમસ્યાનું નિરાકરણ નહીં આવતાં અરજદારોએ જૂની અરજીઓનો કચેરી કક્ષાએ જ નિયમોનુસાર નિકાલ કરવાની માંગ કરી છે. દાહોદ જિલ્લામાં મામલતદાર કચેરીઓમાં અંદાજે 2,000થી 1,500 જેટલી જન્મ-મરણની અરજીઓ પેન્ડિંગ હોવાની ચર્ચા વચ્ચે સમગ્ર મામલે જિલ્લા કલેક્ટર દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### દાહોદ તાલુકાના ગમલા ગામે ઈન્દોર અમદાવાદ હાઈવે પર જીવલેણ અકસ્માત

# બાઈક પરથી પટકાયેલ મહિલા પર ટ્રકનું ટાયર ફરી વળતા ઘટનાસ્થળે મોત

(પ્રતિનિધી) દાહોદ, તા.7 દાહોદ તાલુકાના ગમલા ગામે બે મોટર સાયકલો વચ્ચે સર્જાયેલા અકસ્માત માં મોટર સાયકલ પરથી નીચે પટકાયેલ આધેડ મહિલા પર તે જ સમયે ત્યાંથી પસાર થઈ રહેલી ટ્રકનું ધોતિંગ પૈડું ફરી વળતાં થયેલી ગંભીર ઈજાઓને કારણે આધેડ મહિલાનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર એક મોટરસાયકલ ચાલત તેના કબજાની મધ્ય પ્રદેશ પાસીંગની એમપી-૪૫ એમ.ટી.-૨૫૨૧ નંબરની મોટરસાયકલ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી દાહોદ તાલુકા ના ગમલા ગામે ઈન્દોર



અમદાવાદ હાઈવે પર આગળ જતી ભંગેલા ગામના વાંદરીયા ફળિયાના રામાભાઈ ગલાભાઈ મેળાના શાળાના છોકરા અનિલભાઈ જવસિંગ ભાઈ માવીની જીજે ૨૦એબી-૨૧૨૩ નંબરની મોટરસાયકલને પાછળથી જોશભેર ટક્કર મારી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં જીજે ૨૦એબી- ૨૧૨૩ નંબરની મોટરસાયકલ પર પાછળ બેઠેલ રામાભાઈ ગુલા ભાઈ મેડાની પતની ધાપુબેન રામાભાઈ મેડા મોટરસાયકલ પરથી રોડ પર પટકાતા તે જ સમયે ત્યાંથી પસાર થઈ રહેલ અજાણી ટ્રકનું તોતિંગ પૈડું ધાપુબેન મેડાના કમ્મરના નીચેના ભાગે ફરી વળતાં ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યુંમોત નિપજ્યું હતું.

## શહેરાના ભેસાલમાં ખોડિયાર મંદિરેથી ૮ ફૂટ લાંબા મહાકાય મગરનું સફળ રેસ્ક્યૂ

ગોધરા : શહેરા આર.એફ.ઓ.ના માર્ગદર્શન અને સીધી સૂચના હેઠળ વન વિભાગની ટીમે આ સમગ્ર ઓપરેશન પાર પાડ્યું હતું. ભેસાલ ગામના ખોડિયાર મંદિર ખાતે અચાનક આટલો મોટો મગર આવી ચડતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ અંગેની જાણ વન વિભાગને કરવામાં આવતા સ્ટાફ તાત્કાલિક ધોરણે સાધન સામગ્રી સાથે ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ટીમે ભારે કુનેહપૂર્વક અને વન્યજીવને કોઈપણ પ્રકારની ઈજા ન પહોંચે તે રીતે મગરને પકડી પાડ્યો હતો. ત્યારબાદ વન્યજીવ સંરક્ષણના નિયમોને ધ્યાનમાં રાખીને મગરને તેના પ્રાકૃતિક નિવાસસ્થાન એવા પાનમ ડેમ ખાતે લઈ જઈ સુરક્ષિત રીતે છોડી મૂકવામાં આવ્યો હતો.

# સિંગવડ તાલુકામાં વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ, ખેતીપાકને મોટું નુકસાન

સિંગવડ : સિંગવડ તાલુકામાં છેલ્લા ઘણા સમયથી વરસાદ ન વરસતા ખેડૂતોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. સમયસર વરસાદ ન થવાના કારણે મકાઈ, ડાંગર જેવા મુખ્ય પાકને મોટું નુકસાન થયું છે ત્યારેખેતરોમાં પાણીની અછત સર્જાતા પાક સુકાવા લાગ્યા છે. જેના કારણે ખેડૂતોના હાથમાં આવેલો પાક નિષ્ફળ જવાની દહેશત છે. જો વહેલી તકે વરસાદ નહીં થાય તો મોટા પાયે નુકસાન થવાની શક્યતા છે. ત્યારે ખેડૂતો દ્વારા સરકાર પાસે માંગ ઉઠી છે કે, *સરકાર દ્વારા કોઈ મોટી રાહત પેકેજ આપવામાં આવે અને શિયાળુ પાક બચાવવા પાઈપલાઈન દ્વારા ડેમનું પાણી આપવામાં આવે તેવી ખેડૂતોની માંગ ઉઠવા પામી છે સિંગવડ તાલુકાના ખેડૂતો દ્વારા સરકાર પાસે માંગ કરવામાં આવી રહી છે કે, શિયાળાનો પાક સારો થાય તે માટે પાઈપલાઈન દ્વારા ડેમોના જળાશયનું પાણી આપવામાં આવે. ખેડૂતોનું કહેવું છે કે જો સમયસર પાઈપલાઈન દ્વારા પાણી મળી રહે તો ઘઉં, ચણા, મકાઈ જેવા શિયાળુ પાકનું વાવેતર સમયસર થઈ શકે અને સારું ઉત્પાદન મળી શકે. વરસાદ ખેંચાવાના કારણે હાલ જમીનમાં ભેજ નથી, ત્યારે ડેમનું પાણી જ ખેડૂતો માટે એક માત્ર આશા છે. તંત્ર દ્વારા આ માંગને ગંભીરતાથી લઈને વહેલી તકે પાણી છોડવામાં આવે તેવી લાગણી ખેડૂતોમાં વ્યક્ત થઈ રહી છે.

## યાત્રાધામ પાવાગઢ મા વહીવટી તંત્ર દ્વારા મોકડ્રિલનું આયોજન

પાવાગઢ : પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે નવરાત્રીના પાવન પર્વ દરમિયાન દર્શનાર્થીઓ અને પ્રવાસીઓની ભારે ભીડને ધ્યાનમાં રાખીને સુરક્ષા તેમજ આપાતકાલીન પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે મોકડ્રીલ (Mock Drill) નું આયોજન કરવામાં આવ્યું છે. આ મોકડ્રીલ “overcrowding | chaos with multiple people needing medical attention” વિષય પર આધારિત રહેશે, જેમાં પોલીસ વિભાગ, ફાયર બ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સ, આરોગ્ય ટીમ તથા એસ.ડી.આર.એફ. (SDRF) સહિતના તમામ બચાવ દળો જોડાશે.આગામી તહેવારોને અનુલક્ષીને આયોજન કરવામાં આવેલ જેથી યાત્રિકોની સુરક્ષા જળવાય રહે.

**જાહેર નોટીસ** અરજદારના વ. શ્રી યુ.એમ. પરમાર

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ

ક્રિ. પ. અ. નં. ૫૬૫/૨૦૨૬ મુદત તારીખ-૧૬/૧૦/૨૦૨૬

અરજદાર: ભુરીયા અજયભાઈ ખુમાનભાઈ રહે. જેતપુર, તા. ઝાલોદ, જી. દાહોદ.

સામાવાળા: તલાટી કમ મંત્રી, જેતપુર ગ્રામ પંચાયત જેતપુર, તા. ઝાલોદ, જી. દાહોદ.

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્રી ભુરીયા પ્રતિક્ષાબેન અજયભાઈ નો જન્મ તા. ૧૨/૦૮/૨૦૧૯ ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રના જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમા તેઓની પુત્રીના અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૨૮/૦૯/૨૦૨૬ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમના પુત્રીનુ નામ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવવા માટે અત્રેની નામદાર કોર્ટમા ફોજદારી પરચુરણ અરજી નં. ૫૬૫/૨૦૨૬થી દાખલ કરેલ છે.સદરહું જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઈ ઈસમો કે લાગતા વળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૧૬/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૦૭ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તેયાર તથા મુકાબલ કરનાર (કે.પી.રાવત)સીની. કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (જી.જી.પટેલ) રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ

**જાહેર નોટીસ** અરજદારના વ.શ્રી યુ.એમ.પરમાર

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ

ક્રિ. પરચુરણ નંબર: ૫૬૬ / ૨૦૨૬ મુદત તારીખ: ૧૬/૧૦/૨૦૨૬

અરજદાર: મિનેશભાઈ રામસીંગભાઈ ડામોર રહે.જેતપુર, તા. ઝાલોદ, જી. દાહોદ.

સામાવાળા: તલાટી કમ મંત્રી, જેતપુર ગ્રામ પંચાયત જેતપુર, તા. ઝાલોદ, જી. દાહોદ.

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્રી ડામોર વૈશાલીબેન મિનેશભાઈ નો જન્મ તા. ૦૫/૦૧/૨૦૧૧ ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રના જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમા તેઓનીપુત્રી ના અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૨૩/૦૯/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમના પુત્રી નુ નામ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૫૬૬ / ૨૦૨૬ થી થી દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઈ ઈસમો કે લાગતાં વળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૧૬/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૦૭ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તેયાર તથા મુકાબલ કરનાર (કે.પી.રાવત)સીની. કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (જી.જી.પટેલ) રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ

**જાહેર નોટીસ** અરજદારના વ.શ્રી

મે .એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સંજેલી

પરચુરણ અરજી નં 67/202026

અરજદાર રાવત રાકેશભાઈ લાલસીંગભાઈ રહે. પિછોડા તા સંજેલી, જિ દાહોદ

સામાવાળા: જન્મમરણ રજિસ્ટર અને તલાટી કામ મંત્રી પિછોડા તા સંજેલી, જિ દાહોદ

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી જાહેર જનતા ને તેમજ લગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ થી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત વિષય અરજદાર શ્રી રાવત રાકેશભાઈ લાલસીંગભાઈ તેઓના નામે રાવત ધીરભાઈ બીજિયભાઈનું મારાં તારીખ 07/02/2026ના રોજ મોજે ગામ પિછોડા તા. સંજેલી જી. દાહોદ ખાતે થયેલ છે. જેની મારણની નોંધ ગ્રામ પંચાયત પિછોડા ખાતે કરવાની રહી ગયેલ છે. તો આ કામ ના સામાવાળાના નોંધ દફતરે ચડાવીઆપવા સામે કોઈને વાંધા હરકત સરખું હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટ ખાતે હાજર રેહવા મુદત તા.27/08/2026રોજ સવાર 10:00 કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રેહવું. અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તારીખ 27મી 08/2026ના રોજ મારી સહી થા કોર્ટના સિક્કો કરી આપ્યો

આજ તારીખ ૦૭ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, સંજેલી

**જાહેર નોટીસ** અરજદારના વ.શ્રી યુ.એમ.પરમાર

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ

ક્રિ. પ. અ. નં. ૫૬૪/૨૦૨૬ મુદત તારીખ- ૧૬/૧૦/૨૦૨૬

અરજદાર: ડામોર કમલેશભાઈ પર્વતભાઈ રહેવાસી જેતપુર, તા. ઝાલોદ, જી. દાહોદ.

સામાવાળા: તલાટી કમ મંત્રી, જેતપુર, તા. ઝાલોદ, જી. દાહોદ.

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્રી ડામોર તેજલબેન કમલેશભાઈ નો જન્મ તા. ૧૨/૦૫/૨૦૧૧ ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રના જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમાં તેઓની પુત્રી ના અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૦૨/૦૯/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમના પુત્રી નુ નામ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૫૬૪/૨૦૨૬ થી થી દાખલ કરેલ છે. સદરહું જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઈ ઈસમો કે લાગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૧૬/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો કે તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૦૭ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (કે.પી.રાવત)સીની. કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (જી.જી.પટેલ) રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ